**આજનો સુવિચાર**

વસ્તુના આગ્રહ, વાણીનાં વિગ્રહ, અને વ્યક્તિનાં પૂર્વગ્રહથી વધુ ખરાબ બીજો કોઈ ગ્રહ નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૧૫ જૂનાગઢ તા.૨-૫-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 115, Junagadh : Date : 2 May, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# રાજયમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૫.૫૮ ટકા પરીણામ : મોરબી નં.૧

## ગત વર્ષ કરતા ચાલુ વર્ષે ૬.૫ ટકા ઓછું પરીણામ : સમગ્ર રાજયમાં મોરબી જીલ્લાનું સૌથી ઉંચું ૮૩.૨૨ ટકા અને સૌથી ઓછું દાહોદ જીલ્લાનું ૨૯.૪૪ ટકા પરીણામ

અમદાવાદ તા.૨

રાજય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવાયેલી ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે ધારણાથી થોડુ વહેલું જાહેર કરવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષેપરિણામમાં ૬.૫ટકા જેવો ઘટાડો થતા ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું છે. એ-૧ ગ્રેડમાં ગત વર્ષે આવેલા ૧૯૬ વિદ્યાર્થી સામે આ વર્ષે માત્ર ૬૧ વિદ્યાર્થી સ્થાન પામતા રેન્ક નીચે ઉતર્યાનું ચિત્ર પણ ઉપસ્યું છે તો સૌરાષ્ટ્ર માટે ગૌરવની વાત સમાન સમગ્ર રાજયમાં મોરબી જિલ્લાનું પરિણામ સૌથી ઉંચુ ૮૩.૨૨ ટકા જાહેર થયું છે. પૂરા રાજયમાં આ વર્ષે ૧૪૦ કેન્દ્રો પર ૧૧૦૦૪૨ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૭૨૧૬૬ ઉતીર્ણ થયા છે. ગત વર્ષેપરિણામ ૭૨.૦૨ ટકા હતું પરંતુ ઉતીર્ણ છાત્રોની સંખ્યા ૬૮૬૮૧ હતી.


આમ આ વર્ષે વધુ છાત્રો પાસ થવા સામે પરિણામની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે. શિક્ષણ બોર્ડે આજે વિગત જાહેર કરતા જણાવ્યું હતું કે પૂરા રાજયમાં સૌથી ઉંચુ પરિણામમોરબી જિલ્લાનું ૮૩.૨૨ ટકા અને સૌથી ઓછું દાહોદ જિલ્લાનું ૨૯.૪૪ ટકા આવ્યું છે. સૌથી વધુ પરિણામ પણ મોરબી જિલ્લાના હળવદ તાલુકાનું ૯૦.૪૧ટકાઆવ્યું છેતો લીમખેડા કેન્દ્ર ૨૨ ટકા સાથે સમગ્ર રાજયમાં સૌથી નીચે છે.

એ-૧ ગ્રેડમાં ગત વર્ષે ૧૯૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતાઅને આ વર્ષેમાત્ર ૬૧ છાત્ર જ પાસ થયા છે. એ જ રીતે એ-૨ ગ્રેડમાં ગત વર્ષે ૩૩૦૩ અને આ વર્ષે ૧૫૨૩ વિદ્યાર્થી ઉતીર્ણ થયા છે. આ વર્ષે પણ અંગ્રેજી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૬૭.૧૮ ટકા અને ગુજરાતી માધ્યમની ટકાવારી ૬૫.૩૨ ટકા છે. એ-ગ્રુપના છાત્રોનું પરિણામ ૭૨.૨૭ટકા, બી-ગ્રુપનું ૬૧.૭૧ ટકા અને એ-બી ગ્રુપનું ૫૮.૬૨ ટકા આવ્યું છે. એકંદરે તમામ ગ્રુપનાં પરિણામમાં થોડો ઘટાડો થયો છે. ૧૭૯ દિવ્યાંગ ઉમેદવાર ઉતીર્ણ થયા છે. તો ૨૦ ટકા પાસીંગના લાભ સાથે ૪૭ દિવ્યાંગ પાસ થયા છે. ગત વર્ષે ૧૨૨ કોપીકેસ નોંધાયા હતા જે સામે આ વખતે ૩૫ કેસ નોંધાયા હતા. આ પરિણામમાં કુલ ૬૬.૩૨ ટકા વિદ્યાર્થી અને ૬૪.૩૨ ટકા વિદ્યાર્થીનીઓ ઉતીર્ણ થઇ છે. લાંબા સમય બાદ વિદ્યાર્થીનીઓ કરતા વિદ્યાર્થીઓનું પરિણામ વધારે આવ્યું છે. ગ્રુપ-એમાં એ-૧ ગ્રેડમાં ૩૭ છાત્રો અને કુલ પરિણામ ૭૨.૨૭ ટકા, બી-ગ્રુપમાંએ-૧માં ૨૪ છાત્રો અને ૬૧.૭૧ ટકા પરિણામઆવ્યું છે. એ-બીગ્રુપમાં માત્ર ૨૯છાત્રો હતાઅને ૫૮.૬૨ ટકા પરિણામ આવ્યું છે. માધ્યમ વાઈઝ જોઈએ તો ગુજરાતી મીડીયમનું પરિણામ ૬૫.૩૨ટકા, અંગ્રેજી માધ્યમનું ૬૭.૧૮ ટકા, હિન્દીનું ૪૬.૪૨ ટકા, મરાઠીનું ૪૯.૦૧ ટકા, ઉર્દુનું ૭૭.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. એ-૧ ગ્રુપમાં ૬૧ સિવાય એ-૨માં ૧૫૨૩, બી-૧માં ૬૧૨૮, બી-૨માં ૧૧૯૮૪, સી-૧માં ૧૯૧૩૫, સી-૨માં ૨૪૧૮૫, ડીમાં ૮૯૭૫, ઈ-૧માં ૧૧૫ છાત્રો સામેલ છે. ૭૨૧૬૬ છાત્રો પાસ અને ૩૮૦૬૩ છાત્રો અનુતિર્ણ જાહેર થયા છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓ પર નજર કરીએ તો મોરબી જિલ્લાએ પૂરા રાજયમાં ડંકો વગાડયો છે. ૮૩.૨૨ ટકા પરિણામ સાથે રાજયમાં નં.૧ બનવા સાથે એ-૧ ગ્રુપમાં ૩, એ-૨માં ૬૮, બી-૧માં ૧૮૩, બી-૨માં ૩૦૮ વિદ્યાર્થી સ્થાન પામ્યા છે.

## મુખ્યમંત્રીનાં પુત્ર અનુજ પટેલની સ્થિતિ સ્થિર

મુંબઈ તા. ૨ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલને બ્રેઈન સ્ટ્રોક આવતાંતેમને મુંબઈની હિન્દુજા હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. હિન્દુજા હોસ્પીટલમાં અનુજ પટેલની સારવાર શરૂ થયા પછી હોસ્પીટલ તરફથી હેલ્થ બુલેટિન બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે હોસ્પીટલના નિષ્ણાત તબીબો દ્વારા અનુજ પટેલની સારવાર ચાલી રહી છે. અનુજ પટેલને ICU વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ અનુજ પટેલની તબિયત સ્થિર છે.

## મહાત્મા ગાંધીનાં પૌત્ર અરૂણ મણીલાલ ગાંધીનું નિધન



કોલ્હાપુર તા. ૨ : મહાત્મા ગાંધીના પૌત્ર અરુણ મણીલાલ ગાંધીનું ૮૯ વર્ષની વયે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં નિધન થયું છે. અરુણ ગાંધીના પુત્ર તુષાર ગાંધીએ મંગળવારે ટ્વીટ કરીને આ માહિતી આપી હતી. કહેવામાં આવી રહ્યું છે કે અરૂણ ગાંધી છેલ્લા ઘણા દિવસોથી બીમાર હતા. તુષાર ગાંધીએ જણાવ્યું કે તેમના પિતાના અંતિમ સંસ્કાર આજે જ કોલ્હાપુરમાં કરવામાં આવશે.

અરૂણ મણીલાલ ગાંધી મહાત્મા ગાંધીના બીજા પુત્ર મણિલાલ ગાંધીનાપુત્ર છે. તેમનો જન્મ ૧૪ એપ્રિલ ૧૯૩૪ના રોજ દક્ષિણ આફ્રિકાના ડરબનમાં થયો હતો. તેમના પિતા અહીં પ્રકાશિત થતા અખબાર ઈન્ડીયન ઓપિનિયનના સંપાદક હતા, જયારે તેમની માતા પણ એ જ અખબારમાં પ્રકાશક હતા. અરૂણ ગાંધીએ પાછળથી તેમના દાદા મહાત્મા ગાંધીનાં માર્ગને અનુસર્યો અને સામાજિક-રાજકીય મુદ્દાઓ પર કાર્યકર્તા તરીકે કામ કર્યું.

## અમેરીકાનાં ઈલિનોઈસ રાજયમાં વાવાઝોડું ત્રાટકયું : ૬નાં મોત

વોશીંગ્ટન તા. ૨

અમેરિકાના ઈલિનોઈસ રાજ્યમાં સોમવારે ધૂળની ડમરી સાથે વાવાઝોડાના કારણે આંતરરાજ્ય હાઈવે પર અનેક વાહનો અથડાયા હતા. જેમાં ૨૦ કોમર્શિયલ વાહનો અને ૬૦થી વધુ કારનો સમાવેશ થાય છે. ૬ લોકોના મોત થયા હતા.

ઈલિનોઈસ પોલીસના જણાવ્યા અનુસાર, ૩૦થી વધુ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઘાયલોમાં બે વર્ષના બાળકોથી લઈને ૮૦ વર્ષના લોકોનો સમાવેશ થાય છે. મૃત્યુઆંક વધી શકે છે. વાવાઝોડું ત્રાટક્યું તે સમયે ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. વાવાઝોડું ત્રાટક્યા બાદ અનેક વાહનો એક બીજા પર ચઢી ગયા હતા. સેન્ટ લૂઈસની ઉત્તરે ૭૫ માઈલ (૧૨૦ કિમી) દૂર મોન્ટગોમરી કાઉન્ટીમાં બંને તરફનો હાઈવે બંધ થઈ ગયો હતો.

## તિહાર જેલમાં ગેંગવોર ફાટી નીકળી : કુખ્યાત ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરીયાની હત્યા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨

નવી દિલ્હીની તિહાર જેલમાં આજે સવારે ગેંગવોરમાં ગેંગસ્ટર સુનિલ ઉર્ફે ટિલ્લુ તાજપુરીયાની હત્યા થઈ હતી. ટિલ્લુ પર સુયાથી વાર કરવામાં આવ્યો હતો તેને ઘાયલ અવસ્થામાં ડીડીયુ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જયાં તેનુ મોત થયુ હતું. જેલના અધિકારીનાં જણાવ્યા મુજબ દિલ્હીની રોહીણી કોર્ટે શુટઆઉટ કેસનાં આરોપી ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરીયા પર હરીફ ગેંગના સાગ્રીતો યોગેશ ટુંડા અને અન્યોએ તિહાર જેલમાં હુમલો કરીને હત્યા કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ ગેંગવોરમાં ઘાયલ રોહીત નામના એક યુવકની સારવાર ચાલી રહી છે. જે ખતરાની બહાર છે.

યોગેશ ટુંડા પર હુમલાનો આરોપ છે. ગોગી ગેંગ સાથે જોડાયેલા ટુંડા પર ટિલ્લુ તાજપરીયા પર હુમલો કરવાનો આક્ષેપ છે. ઉલ્લેખનીય છે કે ગોગીની અગાઉ રોહીણી કોર્ટનાં પરિસરમાં હત્યા થઈ ચુકી છે. ત્યારે તેનો આરોપ ટિલ્લુ પર હતો.ટિલ્લુ અને ગોગી ગેંગ બહારનાં દિલ્હી વિસ્તારમાં સક્રિય હતા.

બન્ને ગેંગનાં મુખિયાનાં આપસમાં ઝઘડામાં આ હત્યાની વાત બહાર આવી છે.એક મહિનામાં તિહાર જેલમાં ગેંગવોરની આ બીજી ઘટના છે.આ પહેલા પ્રિન્સ તેવરીયાની હત્યા થઈ હતી.

## જો એશિયા કપ રદ થશે તો બીસીસીઆઈ પાક. બોર્ડને બરાબરનો પાઠ ભણાવશે : વૈકલ્પિક યોજના તૈયાર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

એશિયા કપ ૨૦૨૩ને લઈને હજુ સુધી કંઈ સ્પષ્ટ થયું નથી. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ પાકિસ્તાનને તેની શાન ઠેકાણે લાવવા માટે અંદરખાને એક ગુપ્ત પ્લાન બનાવી રહ્યું હોવાનું સૂત્રોનું કહેવું છે. કારણ કે પાકિસ્તાન એશિયા કપ રમવાને લઈને રીતસરની આડોડાઈ કરી રહ્યું છે અને વારંવાર ખસી જવાની ધમકીઓ આપી રહ્યું છે. ચાલુ વર્ષે યોજાનાર એશિયા કપને રદ કરવામાં આવે તેવી સંભાવના છે કારણ કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દેશે ટુર્નામેન્ટની યજમાનીનું પોતાનું વલણ જાળવી રાખ્યું છે. જોકે એશિયા કપ ટાળવો ના પડે તે માટે બીસીસીઆઈએ આગોતરી તૈયારીના ભાગરૂપે આયોજન શરૂ કરી દીધું હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે. બીસીસીઆઈએ ગયા વર્ષે ઓકટોબરમાં જાહેરાત કરી હતી કે, ભારતીય ટીમ એશિયા કપ ૨૦૨૩ માટે પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે. તે સાથે એવું પણ કહેવામાં આવ્યું હતું કે, ટૂર્નામેન્ટને કેટલાક તટસ્થ સ્થળે ખસેડવામાં આવશે. અગાઉ ૨૦૧૮માં એશિયા કપનું આયોજન ભારત દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ કેટલાક કારણોસર ટૂર્નામેન્ટનું આયોજન યુએઈમાં કરવામાં આવ્યું હતું. હવે બીસીસીઆઈ એશિયા કપ માટે પાંચ દેશો વચ્ચે જ રમાડવામાં આવે તેવી યોજના બનાવી રહ્યું છે. આમ થાય તો એશિયા કપમાંથી પાકિસ્તાનને પડતું મુકવામાં આવી શકે છે. જયારે જે પાંચ દેશો વચ્ચે એશિયા કપ રમાવવાની સંભાવના છે તેમાં ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને હોંગકોંગની ક્રિકેટ ટીમનો સમાવેશ થઈ શકે છે.

## થાઈલેન્ડમાં ૮૦ ભારતીય જુગારીઓની ધરપકડ

બેંગકોક,તા.૮

થાઈલેન્ડના પટ્ટાયામાં જુગાર રમતા ૮૦ ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું કે સોમવારે પત્તાયાની એક હોટેલમાં જુગાર રમવાની જાણ થઈ હતી. આ દરમિયાન પાડવામાં આવેલા દરોડામાં ૮૦ ભારતીય જુગારીઓની ધરપકડ કરવામાં આવી છે. પટ્ટાયાની આ હોટેલ પર મધ્યરાત્રિની આસપાસ દરોડો પાડવામાં આવ્યો હતો. ૨૭ એપ્રિલથી ૧ મે સુધી આ હોટેલમાં ઘણા ભારતીય નાગરિકોએ રૂમ બુક કર્યા હોવાની બાતમી મળ્યા બાદ દરોડો પાડવામાં આવ્યો હતો. તેમણે જુગાર રમવા માટે મીટિંગ રૂમ પણ ભાડે રાખ્યો હતો.

જયારે પોલીસ મધ્યરાત્રિએ હોટેલ પર પહોંચી, ત્યારે મોટી સંખ્યામાં જુગારીઓ બક્કારા અને બ્લેકજેક રમતા જોવા મળ્યા. પોલીસને જોઈને તેમણે ભાગવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઈ ફાયદો થયો નહીં. પોલીસે ૯૩ લોકોની અટકાયત કરી હતી. જેમાંથી ૮૩ ભારતીય, ૬ થાઈ અને ૪ મ્યાનમારના નાગરિકો છે. ધરપકડ કરાયેલા ૯૩માંથી ૮૦ ભારતીય જુગારીઓ હતા જયારે અન્ય તેના આયોજકો અને સ્ટાફ હતા.

## રાજદનાં નેતાનું વિવાદાસ્પદ નિવેદન : બ્રાહ્મણો રશિયાથી આવ્યા છે તેમને ત્યાં ભગાડી દેવા જોઈએ

પટણા તા. ૨

બિહારની રાજનીતિમાં આ હાલમાં બયાનબાજી જોરશોરથી ચાલી રહી છે. હવે આરજેડીના પૂર્વ ધારાસભ્ય અને પાર્ટીના રાષ્ટ્રીય સચિવ યદુવંશ કુમાર યાદવે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમના નિવેદન બાદ બિહારની રાજકીય ગરમી વધી ગઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમણે ભારતમાં રહેતા બ્રાહ્મણોને મૂળ ભારતના નહીં, પરંતુ રશિયાના હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે બ્રાહ્મણો રશિયાથી ભારત આવ્યા છે.

તેમણે દાવો કર્યો હતો કે ડીએનએ ટેસ્ટમાં આ વાત સામે આવી છે. તેમના આતંકને કારણે તેઓને ત્યાંથી ભગાડી દેવામાં આવ્યા જે બાદ તેઓ ત્યાંથી ભારત આવ્યા અને સ્થાયી થયા.

રાષ્ટ્રીય જનતા દળના રાષ્ટ્રીય સચિવ અને પૂર્વ ધારાસભ્ય યદુવંશ કુમાર યાદવે બ્રાહ્મણોને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે બ્રાહ્મણો મૂળ ભારતના નથી. તેઓ મૂળ રશિયા અને અન્ય યુરોપિયન દેશોના છે. શનિવારે બિહારના સુપૌલમાં પાર્ટી કાર્યકર્તાઓની એક બેઠકમાં બોલતા, યદુવંશ કુમાર યાદવે કહ્યું, 'યાદવ સમુદાય એ છે જે મૂળભૂત રીતે આ દેશના છે. ડીએનએ ટેસ્ટ દર્શાવે છે કે બ્રાહ્મણો આ દેશના નથી અને તે રશિયા અને અન્ય યુરોપિયન દેશોના છે અને હવે અહીં સ્થાયી થયા છે. બ્રાહ્મણો આપણામાં ભાગલા પાડીને રાજ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આપણે તેમને અહીંથી હાંકી કાઢવા જોઈએ.

## દેશમાં ૨૦ એપ્રિલે એકજ દિવસમાં જીએસટીની રેકોર્ડ બ્રેક વસુલાત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

ભારતમાં જીએસટી લાગુ થયાના ૬ વર્ષ બાદ ૧.૮૭ લાખ કરોડનું માસીક કલેકશન થયુ છે.તેમાંથી ગુજરાતનું કલેકશન રૂા.૧૧૦૦૦ કરોડને પાર થયુ હતું. રસપ્રદ વાત એ છે કે ૨૦ એપ્રિલેએક જ દિવસની રૂા.૬૮૨૨૮ કરોડની વસુલાતનો પણ રેકોર્ડ સર્જાયો હતો. ભારતમાં એપ્રિલ મહિનાનું જીએસટી કલેકશન રેકોર્ડબ્રેક ૧.૮૭ લાખ કરોડનુ થયુ હતું.

આ મહિનાના કલેકશનમાં ૨૦ એપ્રિલે પણ અસામાન્ય વિક્રમ સર્જાયો હતો.આ એક જ દિવસનાં દેશમાં રૂા.૬૮૨૨૮ કરોડનું કલેકશન થયુ હતુ. ૨૦એપ્રિલ ૨૦૨૨ માં૯.૬ લાખ વ્યવહારોમાં રૂા.૫૭૮૪૬ કરોડનું કલેક્શન નોંધાયુ હતું. કરવેરા નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ટેકસ ચોરીની છટકબારીઓ બંધ કરીને વસુલાત વધારવાના સરકારી પ્રયાસોનું આ પરિણામ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં વાર્ષિક કલેકશન ૨૦ લાખ કરોડથી વધુ થઈ શકે છે.

## એનસીપીનું અધ્યક્ષ પદ છોડવાની શરદ પવારની જાહેરાત : મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ

મુંબઈ,તા. ૨ :એનસપીનાં સુપ્રિમો અને દિગ્ગજ નેતા શરદ પવારે એનસીપીનું અધ્યક્ષ પદ છોડવાની જાહેરાત કરી છે. શરદ પવારનાં સ્થાને હવે કોઈ અન્ય વ્યક્તિ અધ્યક્ષ પદ સંભાળશે. શરદ પવારની આ જાહેરાતથી મહારાષ્ટ્રનાં ગલિયારામાં રાજકીય હલચલ મચી ગઈ છે. સુત્રોનાં જણાવ્યા મુજબ શરદ પવારનાંસ્થાને તેમના પુત્રી અને સાંસદ સુપ્રિયા સુલે એનસીપીનું અધ્યક્ષ પદ સંભાળે તેવી ચર્ચા થઈ રહી છે. આ ઉપરાંત એવી પણ ચર્ચા થઈ રહી છે કે, શરદ પવારનાં ભત્રીજા અજીત પવાર એનસીપીનો છેડો ફાડી શકે છે.

## ઉત્તરપ્રદેશમાં બનેલી ચકચારી ઘટના મામા-ફઈનાં ભાઈ બહેન પતિ - પત્ની બની ગયા

નવી દિલ્હી,તા.૨ : જેમ જેમ આપણે આધુનિક યુગમાં આગળ વધી રહ્યા છીએ, તેમ તે સંબંધોની મર્યાદા ભૂલતા જઈ રહ્યા છીએ. મર્યાદા ભૂલતા લોકોની કરતૂતો દરરોજ સમાચાર પત્ર અને ચેનલના માધ્યમથી જોવા મળે છે. તો વળી ઘણી વાર એવું પણ જોવા મળ્યું છે કે, ભાઈ-બહેન એકબીજા સાથે લગ્ન કરી લેતા હોય છે. આવો જ એક કિસ્સો ઉત્તરપ્રદેશનાં મિર્જાપુરમાંથી સામે આવ્યો છે, જયાં એક યુવતી પોતાના ભાઈની પત્ની બની ગઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આ કિસ્સો ઉત્તર પ્રદેશના મિર્જાપુરનો છે. જેણે સૌને ચોંકાવી દીધા છે. અહીં એક બહેને પોતાના જ ભાઈ સાથે લગ્ન કરી લીધા હતા. જાણકારી અનુસાર, બંને વચ્ચે લગભગ પાંચ વર્ષથી અફેર ચાલી રહ્યું હતું. આ કિસ્સો જિલ્લાના વિંધ્યાચલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારનો છે. પ્રયાગરાજની રહેવાસી યુવતીએ પોતાના પરિવાર સાથે વિધ્યાંચલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા પોતાના મામાના દીકરી સાથે લગ્નમાં આવી હતી. જે દરમ્યાન લગ્ન થઈ ગયા તો, તમામ સંબંધીઓ પોતાના ઘરે જવા લાગ્યા. આ સમયે યુવતીને પણ તેના પરિવાર સાથે લઈ જવા લાગ્યા. પણ ત્યારે યુવતીએ પોતાના ઘરે પાછા જવાની ના પાડી દીધી અને કહેવા લાગી કે, તે મામાના દીકરા સાથે લગ્ન કરવા માંગે છે.

## ફાઈવસ્ટાર હોટલનાં સલુને મોડેલનાં વાળ કાપવામાં વેઠ ઉતારી : કોર્ટે રૂા. ૨ કરોડનું વળતર અપાવ્યું

નવી દિલ્હી,તા. ૨

એક ફાઈવ સ્ટાર હોટલના હેર સલૂનને ખરાબ વાળ કાપવા બદલ ગ્રાહકને વળતર તરીકે બે કરોડ રૂપિયા ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. મોડલિંગ ફિલ્ડ સાથે જોડાયેલી એક મહિલાએ પાંચ વર્ષ પહેલા અહીં પોતાના વાળ કપાવ્યા હતા, પરંતુ તેની ઈચ્છા મુજબ હેર કટિંગ નહોતું થયું. ત્યારપછી તેણે સલૂનમાં ફરિયાદ કરી કે ખરાબ વાળ કાપવાથી તેની કારકિર્દી બરબાદ થઈ ગઈ. હવે નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશને સલૂનને રૂા.૨ કરોડનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. NCDRCનું કહેવું છે કે ખરાબ વાળ કપાવાને કારણે મહિલાને તણાવ અને આઘાતમાંથી પસાર થવું પડ્યું હતું.

જસ્ટીસ આરકે અગ્રવાલ અને એસએમ કાંતિકટ, એનસીડીઆરસી, નવી દિલ્હીના પ્રેસિડેન્ટની બનેલી બેંચે જણાવ્યું હતું કે, 'મહિલા (આશના રોય) મોડેલિંગના વ્યવસાયમાં હતી અને તેણીની હેર કેર બ્રાન્ડ માટે ઘણો પગાર મળતો હતો. તેના વાળ ખરવાથી તેણીને સંપૂર્ણ આઘાત લાગ્યો હતો અને તેની મોડેલિંગ કારકિર્દી જોખમમાં આવી ગઈ હતી.' વર્ષ ૨૦૨૧માં ITC હોટેલ્સને મહિલાને ૯ ટકા વ્યાજ સાથે વળતર આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. હવે NCDRCએ ૨ કરોડ રૂપિયાના વળતરની પુષ્ટિ કરી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)


તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### સાંસ્કૃતિક કૂટનીતિ :

# ભારત વિશ્વને બૌધ્ધ ધર્મના અહિંસા અને શાંતિનો સંદેશ આપી શકે છે

ભારતમાં બેશક હિંદુ બહુસંખ્યક છે, પરંતુ અહીં બૌધ્ધ ધર્મનો જન્મ થવાના નાતે સમગ્ર વિશ્વના બુધ્ધિસ્ટોનો ભારત પ્રત્યે ધાર્મિક-સાંસ્કૃતિક લગાવ છે. ભારતમાં હિંદુઓનો બૌધ્ધ ધર્મ પ્રત્યે અનુરાગ છે અને જૈન ધર્મ, શીખ ધર્મ, બૌધ્ધ ધર્મ વગેરેને સહયોગી ધર્મ તરીકે જોવામાં આવે છે. આ વર્ષે જ્યારે ભારત વિકસિત અને વિકાસશીલ દેશોના સંગઠન જી-૨૦ સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યું છે, તેમાં વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલન રૂપે પણ એક એવો ગ્લોબલ મંચ મળ્યો છે, જ્યાંથી ભારત વિશ્વને બૌધ્ધ ધર્મના અહિંસા અને શાંતિનો સંદેશ આપી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને સ્પષ્ટ કહ્યું કે બૌધ્ધ ધર્મના સંસ્થાપક મહાત્મા બુદ્ધના ઉપદેશોમાં વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન છે, બૌદ્ધ ધર્મના દેખાડેલા રસ્તે ભવિષ્યના માર્ગ છે. વડાપ્રધાને વિશ્વને આહવાન કર્યું કે પ્રત્યેક રાષ્ટ્રની પ્રાથમિકતા આપણા દેશની સાથે વિશ્વના હિતની પણ હોય. આજે જ્યારે વિશ્વમાં રશિયા અને યુક્રેન વચ્ચે એકથી વધુ સમયથી જંગ ચાલુ છે, અમેરિકાનો રશિયા અને ચીન સાથે ટકરાવ ચરમ પર છે, આતંક અને હિંસાથી વિશ્વના અનેક દેશ પીડિત છે, દુનિયાના કેટલાય દેશોમાં જાતીય, સાંપ્રદાયિક, લૈંગિક, ક્ષેત્રીય સંઘર્ષ ચાલુ છે. ટ્રેડવોર, ગરીબી, ભૂખમરો, બીમારી વગેરેને કારણે સામાજિક આર્થિક તણાવ છે, જળવાયુ પરિવર્તનને કારણે પર્યાવરણ ખતરામાં છે, એવામાં આ પડકારોનો સામનો કરવામાં મહાત્મા બુદ્ધના સંદેશ આજે વધુ પ્રાસંગિક છે.

બૌધ્ધ ધર્મના માનવતા સંદેશ વિશ્વમાં શાંતિ માટે ઉપયોગી છે. શાંતિના માહોલમાં જ વિશ્વનો વિકાસ સંભવ છે. યુધ્ધ, સંઘર્ષ, આતંકવાદ વગેરેથી કશું હાંસલ નહીં થાય. એક શાંતિપૂર્ણ, અહિંસક અને સ્થિર વિશ્વની સ્થાપના માટે બુધ્ધનો માર્ગ યોગ્ય છે. યુધ્ધ, હિંસા, આર્થિક અસ્થિરતા, આતંકવાદ અને મજહબી ઉન્માદ જેવા ખતરા માનવતાના આત્મા પર પ્રહાર કરી રહ્યા છે. આજે વિશ્વમાં ૫૦ કરોડથી વધારે બૌધ્ધ છે. વિશ્વની સાત ટકા વસતી બૌધ્ધ ધર્મને માને છે. ૨૮થી વધુ દેશોમાં બૌધ્ધ ધર્મને માનનારા લોકો નિવાસ કરે છે. બૌદ્ધ ધર્મના મહત્ત્વના સંદેશ અહિંસા, સહઅસ્તિત્વ અને સમન્વય છે, વિશ્વમાં શાંતિ, વિકાસ, ગરીબી ઉન્મૂલન માટે આ સંદેશાનું પાલન જરૂરી છે. શિખર સંમેલનનો વિષય ‘સમકાલીન પડકારો પર પ્રતિક્રિયા : અભ્યાસ માટે દર્શન’ છે. આ વૈશ્વિક શિખર સંમેલન બૌધ્ધ ધર્મમાં ભારતના મહત્ત્વને ચિહ્નિત કરશે. શિખર સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય શાક્યમુનિ બુદ્ધની શિક્ષાઓ પર ધ્યાન આપવાનો છે, જે સદીઓથી બૌધ્ધ ધર્મના અભ્યાસથી સતત સમૃધ્ધ થતી રહી છે. વૈશ્વિક બૌધ્ધ શિખર સંમેલનની યજમાની અન્ય બૌધ્ધ દેશો સાથે પોતાના સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને મજબૂત કરવામાં ભારતની વધુ મદદ કરશે. આ સંમેલન ભારતની સાંસ્કૃતિક કૂટનીતિના વિસ્તાર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

બ્રાહ્મણનો સૌથી મોટો શત્રુ અહંકાર છે...

- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૧૨ શ્રી પરશુરામ દ્વાદશી તા.૨ મે ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૧, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વ્યાઘાત યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૮, સૂ.અ.૭:૧૭

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : બિનજરૂરી નાણાં ખર્ચાય. પગમાં દુ:ખાવો રહે.
વૃષભ : નાણાંકીય સધ્ધરતાના પ્રયત્નો સફળ બને. વ્યર્થ વાદ-વિવાદ ટાળવો.
મિથુન : વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
કર્ક : તકનો લાભ લેજો. ભાગીદારી વર્ગથી સંઘર્ષ ટાળવો.
સિંહ : મનની મુંઝવણ દૂર થાય. તમારી મહેનતનું ફળ મળે.
કન્યા : ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. લાભની તક મળે.
તુલા : આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પ્રવાસનું આયોજન સફળ નીવડે.
વૃશ્ચિક : નાણાંકીય સમસ્યા રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ.
ધન : વિઘ્નમાંથી માર્ગ મળે. પ્રિયજનથી સ્નેહ વધે.
મકર : માનસિક તનાવ અનુભવાય. જવાબદારીમાં વધારો થાય.
કુંભ : મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ હળવો બને.
મીન : નવિન લાભની તક સાંપડે. નાણાંકીય ક્ષેત્રે સાનુકૂળતા સર્જાય.

# વેકેશન એટલે બાળપણનું વિઝિટીંગ કાર્ડ








જોકે અત્યારનાં બાળકોનું વેકેશન કોચિંગ કલાસોમાં અટવાઈ ગયું છે. બધું જ તાત્કાલિક શીખવાડવાની ઉતાવળ બાળકના વેકેશનને છીનવી રહી છે અને બાળકોને મા-બાપથી દૂર કરી રહી છે. પોતાના બાળકોને વેકેશનમાં શું કરવું છે તે પૂછવાની પણ તસદી લીધા વગર સંતાનોને શતાવધાની બનાવવાના ધખારામાં જાતજાતના ક્લાસિસ અને સમર કેમ્પમાં મૂકી આવી પોતે બહુ મોટો મીર માર્યો હોય તેમ વર્તતા મા-બાપને સોટીએ સોટીએ મારી ઉનાળાના ધોમધખતા તાપમાં બહાર ઊભા રાખવા જોઈએ! આવાં પેરેન્ટ્સ માટે સરસ શબ્દ છે હેલિકોપ્ટર પેરેન્ટ્સ. આવા વાલી, જેને ભગવાન શ્રીરામ પણ કંઈ કરી શકતા નથી! પોતાના સંતાનોની ઉપર હેલિકોપ્ટરની જેમ મંડરાયા કરે છે. આવા પેરેન્ટ્સને મન તેમનાં બાળકો એ ચાવી દીધેલાં રમકડાં છે, જે તેમની મરજી મુજબ ચાલતાં રહે છે.

આપણી પેઢી કે તેની પહેલાંની પેઢી નસીબદાર હતી જેમને બાળપણમાં વેકેશનમાં મામાના ઘરે જવાનું સદ્ભાગ્ય મળતું. અત્યારે તો મામા પણ વેરી બનીને વેકેશન આવે એટલે સમર હોલિડે પેકેજમાં ફરવા ઉપડી જાય છે. આજથી ૨૦-૩૦ વર્ષ પહેલાં મકાનો નાનાં હતાં પણ માણસનાં દિલ મોટાં હતાં. નાનકડા રૂમમાં રહેતા મામા-મામી વેકેશનમાં ઘરે ધામા નાખતાં ભાણિયાઓને દિલથી આવકારતા અને વેકેશન બધાની સંગાથે ક્યાં પૂરું થઈ જતું એની ખબર પણ ન પડતી. મોસાળમાં ભાણીઓ અને ભાણાઓની બધી જ ફરમાઈશ પૂરી કરવામાં આવતી. બપોરે રસ-રોટલીનું રજવાડી જમણ અને રાતે બરફના ગોલાની જયાફત ઉડતી. પહોંચતા ન હોય તો પણ મામા ભાણેજોને પ્રેમથી સાચવતા. હવે કમાણી વધી પણ મન સાંકડાં થતાં જાય છે. ત્યારે ઘરમાં એ.સી. વગેરે ન હતાં, રાત્રે ધાબા પર વહેલી પથારી કરી મોડે સુધી જાગતા રહી ગાદલાં ઠંડા થાય તેની રાહ જોતા. રાતે અગાસીમાં જઈને તારાઓની ગણતરી કરતા. મામા સાથે અલક-મલકની વાતોનો ખજાનો ખૂલી જતો. મોડી રાતે ઊંઘભરી આંખોમાં સપનાં આંજીને સૂઈ જતા. અત્યારે રૂમે-રૂમે એ.સી. લાગેલા છે. પણ એ ભાવ, એ લાગણી ક્યાંથી લાવવી?

માત્ર ચાર દાયકામાં માનવ જીવનમાં કેટલું પરિવર્તન આવી ગયું! નાનપણની આમલી-પીપળી, ખો-ખો, કબડ્ડી, સંતાકૂકડી અને નદી કે પર્વત જેવી રમતો લુપ્ત થઈ ગઈ છે. ભોંય પર ચોકડીઓ પાડીને રમાતી અમદાવાદી રમત, સાપ-સીડી અને નવો વેપાર જેવી રમતો વિશે આજની પેઢીને વાત કરીએ તો આપણી સામે તાકી રહે અને મનમાં વિચારતા પણ હોય કે આવી તે રમત હોતી હશે? ચોપાટ કે સોગઠાંબાજીની તો વાત જ નહીં કરવાની, નહીં તો આપણે પરગ્રહમાંથી આવ્યા હોઈએ એવું જ આજની પેઢી વિચારે! મોબાઈલ સાથે જ જન્મેલી અને ઉછરેલી પેઢીને રમત એટલે વીડિયો ગેમ! તેમને વૃક્ષો પર ચડીને રમાતી આમલી-પીપળીનું તો ક્યાંથી જ્ઞાન હોય? એ જમાનામાં રમતો રમવા માટે આસપાસમાં ખુલ્લાં મેદાનો પણ હતાં. હવે, ખુલ્લાં મેદાનો પણ નથી રહ્યાં અને ખુલ્લા દિલે રમી શકાય એવી રમતો પણ નથી રહી.

સ્કાયસ્ક્રેપર્સના સીમેન્ટ-કોંક્રીટના જંગલોમાં ગુલમહોર લુપ્ત થઈ રહ્યા છે. કોમ્પ્યુટરે સ્લેટને છીનવી લીધી છે. બાળપણમાં સ્લેટને ભીનાં પોતાંથી લૂછ્યા પછી ‘ચકી ચકી પાણી પીજા, બે પૈસાનો બરફ લાવ...’વાળી પંક્તિઓ પણ આડા હાથે ક્યાંક મૂકાઈ ગઈ છે. સ્લેટ જ નથી રહી તો પછી ચકી પાણી પીવા ક્યાંથી આવવાની? બાળકમાંથી બાળપણ અને કુતૂહલ બંને ચકીની જેમ ઊડી ગયા છે!

બાળપણની બારી ટેકનોલોજીના આક્રમણને કારણે બંધ થતી જાય છે. જાતે જ ઊભી કરેલી માયાજાળમાં



આપણે ફસાતા જઈએ છીએ. ટેક્નોલોજીના ગુલામ બની ગયેલા આપણે વધુ ને વધુ ઉપકરણો પર આશ્રિત થતા જઈએ છીએ. રડતા બાળકને હાથમાં લઈ, તેડીને વ્હાલ કરવાને બદલે તેના હાથમાં મોબાઈલ પકડાવી દેતા મા-બાપ એ ભૂલી જાય છે કે તેઓ એક બાળકને રોબોટ બનાવી રહ્યા છે. જે ભવિષ્યમાં લાગણીહીન બની તેમને જ ભરખી જશે.

વેકેશનના સમયમાં બાળકોને તેમની મરજી મુજબની પ્રવૃત્તિઓ કરવા દેવી કે વાલીઓએ તેમના માટે અગાઉથી વિચારી રાખેલી પ્રવૃત્તિઓમાં તેમને જોતરવા? આ વર્ષોથી ચાલી આવતી બે પેઢીઓ વચ્ચેની કશ્મકશ છે. આ એવા વિષયની ચર્ચા છે જેનો અંત નથી. બાળકેળવણીના પ્રણેતાઓ પણ આ વિષયની ચર્ચા કરી છૂટા પડે ત્યારે કોઈ નિષ્કર્ષ પર આવી શકતા નથી. કેમ કે તેમના ઘરે પણ વડવાંદરા જેવા બાળકો ધમાચકડી મચાવતા જ હોય છે! બાળ કેળવણી પર ભાષણ આપવું જેટલું સરળ છે તેટલું જ અઘરું બાળકોને સમય આપી ઉછેરવાનું છે.

આપણી કે પહેલાંની પેઢીના વેકેશનનો એકમાત્ર એજન્ડા કે બાદશાહી કહો તો તે મામાનું ઘર હતું, એટલે જ કહેવાતું કે ‘મામાનું ઘર કેટલે, દીવો બળે એટલે.’ એ સમયે મા મા એટલે માની માનું ઘર હતું. પરંતુ આજે હવે પરિસ્થિતિ બદલાઈ છે. સમાજરચના માત્ર ને માત્ર પૈસા કેન્દ્રિત થતી ગઈ છે. તેમાં પણ જો બે પરિવાર વચ્ચે વધુ માત્રામાં આર્થિક અને શૈક્ષણિક તફાવત હોય તો હળવા-મળવાનું અને સાથે રહેવાનું ઓછું થઈ જાય છે. હવે સંયુક્તને બદલે વિભક્ત કુટુંબો વધતા જાય છે. જ્યાં બાળકોની ઓછી સંખ્યા અને વધુ પડતી સાધન-સંપન્નતાને કારણે બાળકોમાં વહેંચીને માણવાની ઈચ્છા અને ભાવના ઓછી થતી જાય છે. આજનાં બાળકો વધુ પડતા સ્વકેન્દ્રી થઈ રહ્યાં છે. અન્ય બાળકો સાથે એકબીજાના ઘરે વધારે સમય રોકાવાનું પસંદ પણ નથી કરતા. પોતાના કમ્ફર્ટ ઝોન છોડીને બહાર જ નીકળવા ન માંગતા આવાં બાળકો એકલવાયાં બની જાય છે. મોટાભાગે ટીવી અને મોબાઈલને જ પોતાનું વિશ્વ માની બેઠેલા આવા બાળકો મોટા થઈ પ્રોબ્લેમ ચાઈલ્ડ જ બની રહે છે.

બાળપણ ફરી નથી આવતું, તેથી મન ભરીને બાળકોને બાળપણ માણવા દેવું જોઈએ. બાળકોને શતાવધાની બનાવવાના ખોટા ધખારા છોડી દેવા જોઈએ. બાળપણ ઘર ઘર રમવાના કે લઘર-વઘર ફરવાના જ દિવસો નથી, એ તો અનુભવની એરણ પર અજાણતાં જ જાતને ઘડવાના દિવસો છે. બાળપણમાં થયેલા અનુભવો અને અનુભૂતિના આધારે જ યુવાનીનું ક્લેવર ઘડાય છે. બાળપણ એવું વિસ્મય છે જે ફરી આંખોમાં અંજાવાનું નથી. બાળપણની બારી હંમેશાં ઉઘાડી રાખવામાં જ જીવનનું સાર્થક્ય છે. બાળકમાંથી ઝાકળ બની બાળપણ ઊડી જાય તે પહેલાં મન ભરીને તેમના બાળપણને માણવા દો. દરેક દીવો તેના તેલની તાકાતથી જ ઝળહળે છે. તમારા બાળકમાં પણ સુષુપ્ત શક્તિઓ પડેલી જ છે, તેના બાળપણને રૂંધો નહીં. તેના દીવામાં યથાશક્તિ તેલ પૂરતા રહો અને જુઓ આગળ જતાં કેવા પ્રગટી ઊઠે છે.

-પડઘો

સાચો આનંદ એવી રીતે જીવવામાં છે, જાણે દરેક દિવસ તમારા વેકેશનનો અંતિમ દિવસ હોય.

- લિયો ટોલ્સટોય

ચલતે-ચલતે:

ભવિષ્યની મૂડીનો આધાર બાળપણના પરચૂરણ પર રહેલો છે.

# વેરાવળમાં ઓનલાઈન ફ્રોડનો ભોગ બનેલા આઠ વ્યકિતઓને રૂ.૧.૮૮ લાખની રકમ પરત અપાવતી સીટી સાયબરની ટીમ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨

વેરાવળ પોલીસે સાયબર ફ્રોડના ભોગ બનનાર વ્યક્તિઓને ફ્રોડની રકમ રૂા.૧,૮૮,૫૨૭ પરત અપાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. હાલના સમયમાં ભણેલા ગણેલા લોકોને પણ અવનવી સ્કીમો તેમજ લોભામણી લાલચો આપી રૂપિયા પડાવવાના સાયબર ફ્રોડના બનાવો બની રહેલ હોય જેમાં વેરાવળ પોલીસમાં જુદા-જુદા આઠ જેટલી વ્યકિતઓની સાથે સાયબર ફ્રોડ થયેલ હોવાની લેખીત અરજીઓ મળેલ હતી. જેમાં (૧) સામળદાસ હરીભાઈ અગ્રાવત રહે.વેરાવળ ને એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને તમારુ ઈલેક્ટ્રીસીટી બીલ ભરવાનુ બાકી હોય જેથી આપેલ લીંક પર તમારા બીલની માહીતી આપીને ઓનલાઈન બીલ ભરી શકો છો જેથી આ માહીતી ભર્યા બાદ પોતાના બેંક ખાતામાંથી રૂા.૨૫૦૦૦ કપાય ગયેલ, (૨) રવિભાઈ શર્મા રહે. વેરાવળના ખાતામાંથી રૂા.૩૫૦૦/- તેની જાણ બહાર કપાય ગયેલ અને (૩) ભાવિક જગદિશભાઈ ચુડાસમા રહે.વેરાવળના મોબાઈલમા ફલીપકાર્ડ નામની શોપિંગ વેબસાઈડ ઉપર પોતે રેગ્યુલર ખરીદી કરતા હોય અને તેઓએ હોમ-થીયેટર મંગાવેલ હોય જે ના આવતા કસ્ટમર કેર મા ફોન કરેલ જેમાં તેમના મોબાઈલ નંબર પર એક ઓટીપી આવેલ જે આપતા તેઓના એકાઉન્ટ માથી રૂા.૨૦,૦૦૦ ડેબીટ થઈ ગયેલ હતા. (૪) રવિભાઈ શર્મા રહે.વેરાવળ નું ઈન્સટાગ્રામ ચાલુ હોય તેમાં એક એડ દ્વારા રૂ.૧૫૦૦ ઈન્વેસ્ટ કરો જેથી પરત રૂા.૭૦૦૦ આપશું તેમાં મેસેજ કરતા વોટસેઅપમાં કોલ કરેલ અને જણાવેલ કે તમારે આ એડમાં પૈસા ઈન્વેસ્ટ થઈ ગયેલ છે હવે તમને રૂા.૭૦૦૦ ખાતામા આવી જશે બાદમા કોઈ પૈસા મળેલ ન હોય અને સામે વાળાનો મોબાઈલ નંબર પણ બંધ બતાવતા હોય (૫) સંજીવકુમાર ઠાકોર રહે-વેરાવળ ના ક્રેડીટ કાર્ડ માંથી રૂા.૭૭૫૧૦ તેની જાણ બહાર કપાય ગયેલ હતા. (૬) દિવ્યેશકુમાર મુળદાસ કુબાવત રહે. વેરાવળ ને અજાણ્યા નંબરમાંથી મેસેજ આવેલ તેમા લાઈટ બીલ બાકી છે જે અપડેટ કરવા માટે પ્રોસેસ કરેલ ત્યારબાદ ગુગલ-પે ઓપન કરેલ ત્યારે ફોન હેક થયેલ અને ઓટોમેટીક પ્રોસેસ ચાલુ રહેતા રૂા.૧૦,૦૦૦ ડેબીટ થઈ ગયા હતા (૭) આશિષ દિલીપભાઈ ભટ્ટ રહે. વેરાવળના ક્રેડીટ કાર્ડ માંથી રૂા.૯૦૧૮ તેની જાણ બહાર ડેબીટ થઈ ગયેલ હતા. (૮) અલ્તાફમિયા અનવરમિયા બુખારી રહે. વેરાવળ ના મોબાઈલ પર એક ટેક્ષ મેસેજ આવેલ જેમા આપેલ લીંક ઓપન કરી માંગેલી માહીતી ૨૪ કલાકમા કરવામા નહિ આવે તો બેંક એકાઉનન્ટ બંધ થઈ જશે જેથી આ લિંક માં માહીતી આપતા બેંક અકાઉન્ટ માંથી રૂા.૪૯૯૯૯ ડેબીટ થઈ ગયેલ હતા. ઉપરોક્ત ફ્રોડનો ભોગ બનેલા આઠેય લોકોએ સીટી પોલીસને અરજી આપી હતી. જેને લઈ સીટી પીઆઈ એસ.એમ. ઈશરાણીની સૂચનાથી સ્ટાફના પ્રવિણ બાંભણીયા, પ્રજ્ઞાબેન ચાવડા, જીજ્ઞાસાબેન વાળા, સંગીતાબેન રાજગોરએ સંબંધિત એજન્સીઓ/કચેરીઓને ઈ-મેઈલ તથા પત્ર વ્યવહાર કરી અરજદારોની બેંક સાથે સંકલનમાં રહી તમામને પુરેપુરી રકમ પરત અપાવેલ છે.

### પ્રથમ ૧૦૦ દિવસમાં આત્મનિર્ભર ગુજરાત સ્કીમ હેઠળ રાજ્ય સરકારે સિદ્ધિપ્રાપ્ત કરી

# ગુજરાતના વિકાસની દિશામાં ૮૦ હજાર કરોડના એમઓયુ સરકાર દ્વારા કરાયા



ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રીએ ગુજરાતના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યુંહતું કે, ૧લી મે આપણા ગુજરાતનો ગૌરવવંતો સ્થાપના દિવસ છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આપણે અમૃતકાળની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે અમૃતકાળનો આ પહેલો ગુજરાત ગૌરવ દિવસ વિશેષ મહત્વ ધરાવતો ગૌરવ દિવસ છે. તેમણે વધુમાં કહ્યું કે, ૧ મે ૧૯૬૦ના દિવસે ગુજરાત અલગરાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું અને ગુજરાતીઓએ પોતાના ખમીર અને ઝમીર ઝળકાવીને 'ડગલું ભર્યું કે ના હટવું'ની કવિ નર્મદની પંક્તિઓ ચરિતાર્થ કરી વિકાસ માર્ગે મક્કમતાથી ડગ માંડયા છે. પાછલા બે દાયકામાં આપણે વિકાસની નવી પરિભાષા આપી છે એમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે ઉમેર્યું કે, ૨૦૨૭ સુધીમાં ભારતને પાંચ ટ્રિલીયન યુ.એસ. ડોલરનું અર્થતંત્ર બનાવવા વડાપ્રધાને આહવાન કર્યુ છે. તેમના હરેક આહવાનની જેમ આ આહવાન પણ જનતા જનાર્દનના આશીર્વાદથી ઝિલી લેવા આપણે સૌ તૈયાર છીએ. દેશના કુલ જી.ડી.પી.માં ગુજરાતનો શેર ૮.૩૬ ટકા છે તેને આવનારા વર્ષોમાં ૧૦ ટકાથી વધુ કરવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા, પ્રાકૃતિક ખેતી, ગ્રામીણ વિકાસ, યુવા રોજગાર દરેકે દરેક ક્ષેત્રે વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા ગુજરાતમાં આપણે આવનારા વર્ષોમાં ઊભી કરવાના છીએ. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ અન્વયે ૮૦ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ આ સરકારે પ્રથમ ૧૦૦ દિવસના શાસન સમયકાળમાં જ કરવાની આગવી સિદ્ધિ હાંસલ કરી હોવાનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે, વડાપ્રધાને ગ્રીન ગ્રોથ માટે જે પ્રતિબદ્ધતા દર્શાવી છે તેમાં પણ ગુજરાતના કચ્છમાં ૪૦ હજાર કરોડના ગ્રીન એમોનિયા પ્રોજેકટથી અગ્રેસર રહેવા ગુજરાત સજજ છે. ઉદ્યોગ-વેપાર સાથે ટુરિઝમ સેકટર પણ ગુજરાત માટે વિશેષ મહત્વ ધરાવે છે. આપણે સ્ટેચ્યુ ઓફ યુનિટિ, સફેદ રણ, વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા, ગીર ફોરેસ્ટ, સોમનાથ-દ્વારકા અને શિવરાજપુર જેવા આઈકોનિક ટુરિસ્ટ પ્લેસ વિકસાવવા ૮ હજાર કરોડ રૂપિયાની પ્રવાસન વિકાસ સુવિધા આવનારા પાંચ વર્ષમાં ઊભી કરવાના છીએ એમ ઉમેરી તેમણે સૌ ગુજરાતીઓને ગુજરાત ગૌરવ દિવસે રાજ્યના વિકાસ માટે સમર્પિત થવા સૌને સંકલ્પબદ્ધ થવાની અપીલ કરી હતી.

# રાજ્યમાં તલાટીની પરીક્ષામાં દરેક ઉમેદવારોનું બે કલાક પહેલાં ચેકિંગ

### રાજ્યમાં ૭મી મેએ યોજાનાર પરીક્ષા માટેની તૈયારીઓ પૂર્ણતાને આરે : પો. સ્ટાફે પણ મોબાઈલ સહિતના સંસાધનો પરીક્ષાના ૩ કલાક પહેલાં સ્વીચ ઓફ કરવા પડશે

ગાંધીનગર, તા.૨

આગમી ૭મી મેના રોજ યોજાનારી તલાટી કમ મંત્રીની ભરતી માટેની પરીક્ષાને લઈને પરીક્ષા બોર્ડ કોઈપણ કચાશ છોડવા માંગતું નથી. કોઈપણ પ્રકારની ગેરરિતી કે ચોરીની ઘટવાનો અવકાશ ન રહે તે માટે બોર્ડી વોર્ન કેમેરાનો પણ ઉપયોગ પોલીસ કરવાની જ છે. આ સાથે જે ઉમેદવારો પરીક્ષા આપવાના છે તે ઉમેદવારોની તપાસ માટે ખાસ સૂચના આપવામાં આવી છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી ૭મી મેના રોજ તલાટી કમ મંત્રીની ૩ હજારથી વધુ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાવાની છે. જેને લઈને ૮ લાખથી વધુ ઉમેદવારો આ પરીક્ષા આપવાનો છે. પરીક્ષાને લઈને તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણતાને આરે છે. પરીક્ષામાં કોઈ ખામી ન સર્જાય અને ગેરરીતી કે ગેરવ્યવસ્થા ન સર્જાય તેને લઈને મંડળ ઝીણામાં ઝીણી વિગતો ઉપર નજર રાખી રહ્યું છે. તમામ પરીક્ષા કેન્દ્ર ઉપર જરૂરી સંખ્યામાં પોલીસ કોન્સ્ટેબલ સહિતનો બંદોબસ્તની સાથેતમામ ઉમેદવારનું ૧૦૦ ટકા ફ્રીસ્કિંગ કરવાની સુચના આપવામાં આવી છે. પરીક્ષા શરૂ થાય તેના બે કલાક પહેલા જ ઉમેદવારોનું ચેકિંગ શરૂ કરવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર ઉપર ફ્રિસ્કીંગ માટે રાખેલ પોલીસ સ્ટાફને પણ મોબઈલ ફોન, સ્માર્ટવોચ, બ્લુટુથ, ઈયરફોન જેવા ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થયાના ત્રણ કલાક પહેલા સ્વીચ ઓફ કરી જમા લઈ સંબંધિત કેન્દ્રના બોર્ડ પ્રતિનિધિને આપવાના આદેશ છે. મંડળ દ્વારા ફાળવાયેલા કેટલાક પરીક્ષા કેન્દ્રોમાં ૩૦૦થી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે ત્યારે દર ૩૦૦ ઉમેદવારો દીઠ પોલીસ બંદોબસ્ત ફાળવવાની સૂચના પણ આપવામાં આવી છે. દરેક પરીક્ષા કેન્દ્ર દીઠ એક પીએસઆઈ કે એએસઆઈ, ૪ કોન્સ્ટેબલ (૨ પુરૂષ અને ૨ મહિલા) તેમજ ૨ ટ્રાફિક કોન્સ્ટેબલ ફરજમાં તૈનાત રાખવામાં આવશે. દરેક જિલ્લા સ્ટ્રોંગ રૂમ ઉપર એક પીઆઈ કે પીએસઆઈ ૨૪ કલાક તૈનાત રહેશે.

# કર્ણાટકમાં કોંગ્રેસને બહુમતી, ભાજપને મોટું નુકસાન : ABP-CVoter ઓપિનિયન પોલ

નવી દિલ્હી, તા.૨

ABP-CVoter દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપિનિયન પોલમાં કોંગ્રેસ પાર્ટી કર્ણાટકમાં આગામી સરકાર બનાવશે તેવી આગાહી કરે છે, જ્યારે બીજેપીને એકમાત્ર દક્ષિણના રાજ્ય જ્યાં તે સત્તામાં છે, ત્યાં મોટી હાર થઈ શકે છે. સર્વેક્ષણ મુજબ ૧૦ મેની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં જનતા દળ (સેક્યુલર) [JD(S)]નું પ્રદર્શન અપેક્ષા કરતાં ઘણું ઓછું રહેવાની ધારણા છે. ઓપિનિયન પોલના આંકડા દર્શાવે છે કે, કર્ણાટકની ૨૨૪ વિધાનસભા બેઠકોમાંથી કોંગ્રેસ ૧૦૭થી ૧૧૯ બેઠકો જીતે તેવી શક્યતા છે, જ્યારે ભાજપ ૭૪થી ૮૬ બેઠકો સાથે બીજા ક્રમે છે. સર્વેક્ષણ મુજબ, JD(S) ૨૩થી ૩૫ બેઠકો મેળવી શકે છે, જ્યારે અન્યને ૦થી ૫ બેઠકો મળવાની ધારણા છે. કોંગ્રેસ પક્ષ ગ્રેટર બેંગ્લોર પ્રદેશ ૩૨, મધ્ય કર્ણાટક પ્રદેશ ૩૫, મુંબઈ-કર્ણાટક પ્રદેશ ૫૦ અને હૈદરાબાદ કર્ણાટક પ્રદેશ ૩૧ બેઠકો ઉપર પ્રભુત્વ મેળવવાનો અંદાજ છે, જ્યારે JD(S) જૂના મૈસુર પ્રદેશમાં ૫૫ બેઠકો સાથે ગળાકાપ સ્પર્ધા કરશે. બીજેપીનું પ્રદર્શન માત્ર દરિયાકાંઠાના કર્ણાટક ક્ષેત્રમાં ૨૧ બેઠકો સારૂ રહેવાની અપેક્ષા છે. ઓપિનિયન પોલના આંકડાઓ શાસક ભાજપ માટે ખરાબ સમાચાર છે, જેણે અન્ય પક્ષોમાંથી પક્ષપલટો કરીને સરકાર રચી હોવા છતાં રાજ્યમાં ક્યારેય સાધારણ બહુમતી મેળવી નથી. ભગવા પક્ષની આ કવાયત ઓપરેશન કમલા તરીકે જાણીતી હતી. તેની રાજ્ય સરકાર ભ્રષ્ટાચાર, ૪૦ ટકા કમિશન કમાવવા અને આંતરિક બળવાને ડામવામાં પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વની નિષ્ફળતા જેવા આરોપો સામે લડી રહી છે. એબીપી ન્યૂઝ-સીવોટર પોલને કર્ણાટકમાં ૧૭,૭૭૨ લોકો તરફથી પ્રતિસાદ મળ્યો. ડેટા સૂચવે છે કે, ભાજપ વોટ શેરની દ્રષ્ટિએ કોંગ્રેસ કરતા ૫% પાછળ છે. કોંગ્રેસને ૪૦ટકા વોટ શેર મળવાનો અંદાજ છે, જ્યારે ભાજપ ૩૫ટકાથી પાછળછે.

# IAF દ્વારા સુદાનમાં "વાદીએ સૈયદના"માંથી ૧૨૧ ભારતીયોને હિંમતભેર અને નાટકીય રીતે બચાવી લેવામાં આવ્યા

નવીદિલ્હી, તા.૨

સુદાનમાં યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા ૧૨૧ ભારતીયોને ભારતીય વાયુસેના (IAF) દ્વારા નોંધપાત્ર અને નાટકીય રીતે બચાવી લેવામાં આવ્યા હતા. ગુરૂવારે મોડી રાત્રે અનેશુક્રવારે વહેલી સવારે હવાઈ પટ્ટી ઉપર ઘોર અંધકારમાં વિમાનનું ઉતરાણ કરવામાં આવ્યું હતું. IAFના પાઈલટ્સે તેમના માર્ટિન C- 130J-30 'સુપર હર્ક્યુલસ' લશ્કરી પરિવહન એરક્રાફ્ટને વાદીએ સૈયદના એરસ્ટ્રીપ ઉપર લેન્ડ કર્યું જેમાં ન તો કોઈ નેવિગેશનલ એપ્રોચ એઈડ્સ હતી કે ન તો ક્રિટિકલ લેન્ડિંગ લાઈટ હતી, અને તે ઉત્તર સુદાનમાં રાજધાની ખાર્તુમથી ૪૦ કિમી દૂર છે. કુશળ અને હિંમતવાન પાઈલટ્સે તેમના ટ્રાન્સપોર્ટરને સંપૂર્ણ બ્લેકઆઉટ સ્થિતિમાં ઉતારવા માટે નાઈટ વિઝન ગોગલ્સનો ઉપયોગ કર્યો હતો. આ ઈન્ફ્રારેડ ડિટેકશન ચાર- એન્જિન ટર્બોપ્રોપ વિમાન ચોકસાઈ સાથે લો-લેવલ ફલાઈંગ મિશન એરડ્રોપ્સ અને અંધકારમાં ઉતરાણ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે, જ્યારે નાઈટ વિઝન ગોગલ્સ પાઈલટ્સની પરિસ્થિતિલક્ષી જાગૃતિ માટે હોય છે. આ એરક્રાફ્ટ ટૂંકા અને પ્રાથમિક રનવે ઉપરથી ઉતરાણ અનેટેકઓફ કરવામાં પણ સક્ષમ છે. ઉતરાણ પછી એરક્રાફ્ટના એન્જિનોને ચાલુ રાખવામાં આવ્યા હતા, અને આઈએએફના સ્પેશિયલ ફોર્સિસ ગરૂડ કમાન્ડોએ મુસાફરોને સુરક્ષિત કર્યા હતા, જેમાં એક ગર્ભવતી મહિલાનો સમાવેશ થાય છે, અને તેમનો સામાન વિમાનમાં મૂકવામાં આવ્યો હતો. ત્યારપછી, લેન્ડિંગની જેમ જ, જેદાહ માટે ટેક-ઓફ કરવા લગભગ ૯૦ મિનિટની ઉડાન માટે બે C-130J-30 પાઈલોટ્સ દ્વારા નાઈટ વિઝન ગોગલ્સનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક આ ઓપરેશન પૂર્ણ કરવામાં આવ્યું હતું. ગૃહયુદ્ધમાં સુદાનના બળવાખોરોએ ૨૮ એપ્રિલની સવારે તુર્કી એરફોર્સના C-130 ટ્રાન્સપોર્ટર ઉપર ગોળીબાર કર્યો હતો. સત્તાવાર સુદાન ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર આ ફાયરિંગમાં એરક્રાફ્ટને નુકસાન થયું હતું અને એક ક્રૂ મેમ્બર પણ ઘાયલ થયો હતો. આઈએએફના આ C- 130J વિમાનોના કોન્ટ્રેક્ટ ઉપર ૨૦૦૯માં મનમોહન સિંહ સરકારના સમય દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને ૨૦૦૫ના સીમાચિહ્નરૂપ પરમાણુ કરાર બાદ ભારતે યુએસ સાથે સંરક્ષણ સંબંધોમાં આ સંપાદનનો એકંદર ખર્ચ લગભગ $1.5-2 બિલિયન હતો. આ બંને વ્યૂહાત્મક એર-લિફ્ટસ્ક્વોડ્રનદ્વારા સુદાનમાં આ એરક્રાફ્ટ દ્વારા જોખમી કાર્યને સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવ્યું છે. IAF અને ભારતીય નૌકાદળ, ભારતીય સૈન્યના કર્મચારીઓ દ્વારા આ 'ઓપરેશન કાવેરી' સાથે સુદાનની સેના અને દેશની અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) વચ્ચે ફાટી નીકળેલી લડાઈ પછી સુદાનમાં ફસાયેલા લગભગ ૩,૫૦૦ ભારતીય નાગરિકોને બહાર કાઢવા સરકાર દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવ્યું હતું. ભારતીય નૌકાદળે અત્યાર સુધીમાં પોર્ટ સુદાનમાંથી ૧,૦૦૦થી વધુ ભારતીય નાગરિકોને બચાવ્યા છે અને તેમને ૨૯૬ કિમી દૂર જેદાહ પહોંચાડ્યા છે. જયાંથી તેમને એરલિફ્ટ કરીને ભારતમાં લઈ જવામાં આવી રહ્યા છે. આશરે ૨,૦૦૦થી વધુ ભારતીયો હજુ હ્રણ સુદાનમાં બચાવની રાહ જોઈ રહ્યા છે, અને ભારતનું સૈન્ય નિઃશંકપણે આ બચાવ કામગીરી સફળતાપૂર્વક અને પોતાની ક્ષમતાથી પૂર્ણ કરશે.

# વડોદરાના વિખ્યાત સૂફી સંત હઝ. સૈયદ અઝીમુદ્દીન નુરૂલ્લાહ જીલાની કાદરી રહે.ના ૩૫મા વાર્ષિક ઉર્સની શાનદાર જુલુસે સંદલની ઉજવણી કરાઈ

વડોદરા તા.૨

વડોદરાના વિખ્યાત સૂફી સંત હઝ. સૈયદ અઝીમુદ્દીન નુરૂલ્લાહજીલાની કાદરીરહે.ના ૩૫મા વાર્ષિક ઉર્સનો શાનદાર જુલુસે સંદલ સાથે પ્રારંભ કરાયો હતો. સોમવારે બપોરે ૩ કલાકે અજબડી મીલ યાકુતપુરા ખાતે હઝ. અઝીમે મિલ્લતના શિષ્યના ઘર પાસેથી ગાદીપતિ હાજીપીર સૈયદ મોઈનુદ્દીન જીલાની કાદરી સાહેબની અધ્યક્ષતામાં ભવ્ય જુલુસે સંદલ નિકળ્યું હતું. આલમ મુબારક, મિલાદ અને રાતીબની વિવિધ શહેરોની ટુકડીઓ, શણગારેલા વાહનો સાથે નિકળેલા ભવ્ય જુલૂસનું સ્થાનિક અગ્રણીઓ દ્વારા ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. માત્ર વડોદરા જ નહીં અમદાવાદ, હાલોલ, કાલોલ, સુરત, મુંબઈ, સૌરાષ્ટ્ર તેમજ દેશ વિદેશથી આવેલા બુદ્ધિજીવીઓ, વિવિધ ખાનકાહના ગાદીપતિઓ અને સાદાતો સહીત વિશાળ સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી હતી. જુલુસ શહેરના વિવિધ રાજમાર્ગોએ ફરી મોડી સાંજે મેમણ કોલોની ખાતે આવેલ દરગાહ પહોંચતા સભાના રૂપમાં ફેરવાઈ ગયું હતું. સંદલ, ચાદર અને વંશાવલીપઠનની પરંપરાગત વિધી બાદ ગાદીપતિ હઝ. સૈયદ મોઈનુદ્દીન કાદરી સાહેબની દુઆઓ અને અઝીમી લંગર સાથે સમાપન થયું હતું.

મંગળવારે રાત્રે આધ્યાત્મિક ધામ ખાનકાહે એહલે સુન્નતના સ્થાપક સૂફી સંત હઝ. સૈયદ અઝીમે મિલ્લત નો ૩૫મો વાર્ષિક ઉર્સ હોઈ મેમણ કોલોની ખાતે દરગાહ શરીફના પટાંગણમાં કીછોછા શરીફવાળા ગાઝીએ મિલ્લત હઝરત અલ્લામા સૈયદ હાશમી મિયાં સાહેબની વાઅઝ થશે તેમજ જનાબ શાને આલમ, જ. ઈમરાન મઝહર, જ. હાફિઝ મહેતાબ આલમ સાહેબ જેવા દેશના ટોચના શાયરો પોતાની રચના રજુ કરશે.

### સરકારી વીજ કંપનીઓ દ્વારા પ્રિ-પેઈડ વીજ મીટર યોજના માટે તૈયારીઓ જારી!

# રાજ્યમાં ટૂંક સમયમાં વીજળીનું બિલ થશે પ્રિ-પેઈડ : રિચાર્જ કરાવવું પડશે

### બિલ પેટે જેટલા રૂપિયા ચૂકવશો તેટલી વીજ વાપરી શકાશે : એક્શન પ્લાન તૈયાર

ગાંધીનગર, તા.૨

મોબાઈલ ફોનની જેમ હવે રાજ્યમાં વીજળી પણ રિચાર્જ કરી જરૂર મુજબ મેળવી શકાશે. ગુજરાત સરકારની માલિકીની વીજ કંપનીઓ દ્વારા હવે પ્રિપેઈડ વીજ મીટર યોજના બનાવવામાં આવી છે. જેમાં તમામ રહેણાક અને કોર્મશિયલ મકાનોમાં પ્રિ-પેઈડ મિટર મુકવામાં આવશે. ગ્રાહકોએ જેટલી વીજળીની જરૂરિયાત છે. એટલું એડવાન્સ રિ-ચાર્જ કરાવવું પડશે. આગામી થોડા મહિનાઓમાં વીજળીનું બિલ પણ પ્રીપેઇડ થઈ જશે. એટલે કે બિલપેટે જેટલા રૂપિયા ચૂકવશો એટલી વીજળી વાપરી શકાશે. આ માટે રૂા. ૨૦,૪૮૨ કરોડનો એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે. ગુજરાતમાં સરકારની માલિકીની તમામ વીજ કંપનીઓ દ્વારા આગમી સમયમાં પ્રિ-પેઈડ મીટર યોજના અમલમાં મૂકવાની તૈયારીઓ કરાઈ રહી છે. લોકોએ વીજળીના જેટલી જરૂરિયાત છે. એટલું રિ-ચાર્જ કરાવવું પડશે. મોબાઈલ પ્રિ-પેઈડના પ્લાનની જેમ વીજળી વપરાશ માટે પણ આવો જ પ્લાન લાવવાની તૈયારી ચાલી રહી છે. ગુજરાતમાં ટૂંક સમયમાં જ વીજળીનું બિલ પ્રીપેઈડ થઈ જશે. જેટલા રૂપિયા ચૂકવશો તેટલી વીજળી વાપરી શકશો. ૨૦,૪૮૨ કરોડના પ્રોજેકટને રાજયની કેબિનેટે મંજૂરી આપી દીધી હોવાની વિગતો સૂત્રો તરફથી મળી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત સરકાર ડિસેમ્બર, ૨૦૨૩ થી સ્માર્ટ ઈલેક્ટ્રિક મીટર સિસ્ટમ અમલમાં લાવવાનું પ્લાનિંગ કરી રહી છે. જેમાં બિલ પેટે જેટલા રૂપિયા ચૂકવશો તેટલી જ વીજળી વાપરી શકશો. વીજ બિલ મોબાઈલ રિચાર્જથી કરી શકાશે. આ માટે ગુજરાત સરકારની કેબિનેટ અને કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. પ્રથમ તબક્કામાં સ્માર્ટ મીટરિંગ માટે રૂા.૧૦,૬૦૨ કરોડ ફાળવ્યા છે. તો સાથે જ ડિસ્ટ્રીબ્યુશન સુધારવા માટે ૬૦૨૧ કરોડ ફાળવ્યા છે. સરકાર નવા મીટર વસાવવા માટે એ પણ પ્લાનિંગ કરી રહી છે કે, ગ્રાહકો ઉપર નાણાંકીય બોજ ન આવે. સ્માર્ટ મીટરની રકમ ગ્રાહકો કેટલી ભોગવશે અને સરકાર કેટલી ભોગવશે તે અંગે પણ વિચારણા જારી છે. સરકારે વિવિધ વીજ કંપનીઓને આ માટે કુલ રૂા.૧૦,૪૪૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જેમાં DGVCL – રૂા.૨૪૪૭ કરોડ, MGVCL – રૂા.૧૯૮૦ કરોડ, અને PGVCL માટે રૂા.૩૩૫૦ કરોડ, તેમજ UGVCL માટે રૂા.૨૬૬૬ કરોડ ફાળવાયા છે. આ ઉપરાંત વીજખાધ ઘટાડવા માટેની કામગીરી માટે રૂપિયા રૂા.૧૧,૧૩૪ કરોડ ફાળવાયા છે. સરકાર વીજખાધ ઘટાડવા માટે પણ પ્રયાસો કરી રહી છે. વીજચોરી, ડિસ્ટ્રીબ્યુશન વગેરે મામલે રાષ્ટ્રીય સ્તરે ૧૨થી ૧૫ ટકા વીજખાધ આવે છે. આ માટે સરકાર સ્કીમ લાવી રહી છે.

# ૧૯૯૨ના હર્ષદ મહેતાના ૩૧ વર્ષ પહેલાના કૌભાંડ અંગે સુચેતા દલાલ કહે છે કે 'લડત અને બલિદાન આપ્યા વિના કોઈ ફળ મળતું નથી'

(એજન્સી) તા.૨

બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં ૩૧ વર્ષ પહેલાં સુચેતા દલાલે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે ૨૩ એપ્રિલ ૧૯૯૨ના રોજ હર્ષદ મહેતાનું

કૌભાંડબહાર પાડ્યુંહતું. ધક્વિન્ટ સાથેની એક મુલાકાતમાં, તેણીએ ૧૯૯૨માં તેણીએ હર્ષદ મહેતાની સ્ટોક મેનીપ્યુલેશન સ્કીમનો પર્દાફાશ કર્યો હતો તેના વિશે વાત કરી હતી.



**પ્રશ્ન : એપ્રિલ ૧૯૯૨ના વિવાદ વિશે શું કહેશો ?**

હર્ષદ મહેતા શું કરી રહ્યા હતા તેના વિશે કંઈક નક્કર મેળવવાની શક્યતા દેખાતી ન હતી. ૨૩ એપ્રિલ મારી મમ્મીનો જન્મદિવસ છે. મે તે દિવસે ૫૦૦ કરોડના કૌભાંડની વાર્તા જાહેર કરી હતી.

**પ્રશ્ન : શા માટે લોકો આ પહેલાં પકડી શક્યા નહીં ?**

મેં મારા પુસ્તકમાં કહ્યું છે તેમ, કોઈને પણ આ બજારનો ખ્યાલ ન હતો. તે ઈક્વિટી બજારો સાથેના વ્યવહાર ઉપર આધારિત ભૌતિક વસ્તુ અથવા ફોનવ્યવહાર જેવું હતું. મને નથી લાગતું કે એવા કોઈ પત્રકાર હતા જે નિયમિત ધોરણે તેને કવર કરતા હોય.

**પ્રશ્ન : શું તમને લાગે છે કે તમારશ્ તપાસમાં ભાગ્યનું કોઈ તત્વ સામેલ હતું ?**

તેમાં ૧૦૦ ટકા નસીબ સામેલ હતું, સાચું કહું તો, હર્ષદ મહેતાને કવર કરનારા અડધા કે ત્રણ ચતુર્થાંશ પત્રકારો તેમના ચાહકો હતા. જેઓ તેની વિરૂદ્ધ લખતા હતા તે પૈકી હું એક હતી. મેં જ આ મોટી જાહેરાત વિશે લખ્યું અને કહ્યું હતું કે હર્ષદ મહેતા જૂઠો છે.

**પ્રશ્ન : અને સ્ત્રોત વિશે શું ?**

સ્ત્રોત દ્વારા ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ન્યૂઝ એડિટરની મુલાકાત થઈ અને તેઓ તેમને મારી પાસે લઈ આવ્યા, કારણ કે હું લગભગ ૧૦ વર્ષથી બજાર વિશે લખતી હતી. મારી પાસે સંપર્કો હતા અને કોઈએ સરકારી સિક્યોરિટીઝ કવર કરી ન હતી. મારી પાસે એવા સ્ત્રોત હતા જેને હું ફોન કરીને બધી માહિતી જાણી શકું. આખરે, મારી પાસે SBIમાં એક સ્ત્રોત હતો, જેણે મને બેંક તરફથી અંતિમ પુષ્ટિ આપી હતી. સાચું કહું તો, જો આ સ્ત્રોત કોઈ બીજા પાસે ગયા હોત, તો તેઓએ કદાચ તેઓને આ વાર્તા અંગે નકારાત્મક જવાબ આપ્યો હોત.

**પ્રશ્ન : શું આજે હર્ષદ મહેતા કે કેતન પારેખ જેવાઓને દૂર કરવું શક્ય છે ?**

જો તમે ગંભીરતાથી કરો છો તે શકય છે. મને લાગ્યું કે પછી મે આ કૌભાંડ વિશે વધુ જાણવાનું શરૂ કર્યું અને હું આ લોકોને ૧૯૯૨થી ઓળખતી હતી. જ્યારે મને પહેલા આની જાણ થઈ ત્યારે વિશ્વાસ કરવો મુશ્કેલ હતો. પરંતુ NSEમાં શું ચાલી રહ્યું છે તે માટે મારી પાસે માહિતી હતી અને મારા માટે પણ એ માનવું મુશ્કેલ હતું કે આવું પણ બની શકે છે.

**પ્રશ્ન : આવા મુદ્દાઓની તપાસ કરવી કેટલી મુશ્કેલ છે ?**

તે સમયે હોય કે આજે, આવા કામ હંમેશા મુશ્કેલ રહ્યા છે. હું હંમેશા દરેક મુદ્દે લડત આપું છું અને મને પણ અનેક સમસ્યાઓ આવી હતી. જીવનમાં લડ્યા વિના, લડત આપ્યા વિના, તમારી નોકરી ગુમાવ્યા વિના, તમે કંઈપણ આવું કરી શકતા નથી. હું ૧૯૯૮ સુધીમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાંથી નીકળી ગઈ હતી અને સ્ટોકહોલ્ડિંગ કોર્પોરેશન વિશે લખ્યા પછી, ૨૦૦૬માં ઈન્ડિયન એક્સપ્રેસમાં મારી કૉલમ બંધ થઈ હતી. આવા કામો માટે તમારે કિંમત ચૂકવવી પડે છે. જ્યારે અમે NSE વિશે લખ્યું, ત્યારે અમારી સામે ૧૦૦ કરોડનો બદનક્ષીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

**પ્રશ્ન : શું આજના પત્રકારો તમારા જેવા પત્રકારો દ્વારા નિર્ધારિત તપાસના ધોરણોનું પાલન કરે છે ?**

મને લાગે છે કે આજે ભારતમાં સંશોધનાત્મક પત્રકારો વધી રહ્યા છે. તેમાંની ઘણી સ્ત્રીઓ છે. ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક મુદ્દાઓ ઉપર શું થાય છે તે અંગે જાણ કરવા માટે તમારે થોડી હિંમતની જરૂર પડે છે. આરોગ્ય અને દવા ઉપર મેં જે પ્રકારનું પત્રકારત્વ જોયું છે તે અદભૂત છે. આવા બધા પત્રકારોને કિંમત ચૂકવવી પડે છે અને તેઓ હજુ પણ આવું કામ હિંમતપૂર્વક કરી રહ્યા છે.

**પ્રશ્ન : શું બિઝનેસ જર્નાલિઝમમાં તપાસ હાથ ધરવી મુશ્કેલ છે ?**

વ્યવસાયિક પત્રકારત્વમાં તે વધુ મુશ્કેલ હોઈ શકે છે. જ્યારે તમે એક મોટી સંસ્થા વિશે વાર્તા લખો છો, ત્યારે મોટી કંપનીઓના માલિકો અને સંપાદકોએ જાહેરાતો બંધ કરી દીધી હતી. હું ૧૯૯૧થી તેનો સામનો કરી રહી છું. જ્યારે તમે વ્યવસાયિક પત્રકાર હોવ, અને તમે ખરેખર એવા લોકો વિશે લખી રહ્યાં છો જેઓ પ્રકાશન ચલાવે છે અને તેમની જાહેરાત અને સ્પોન્સરશિપ વિના, કોઈ પ્રકાશન ટકી શકતું નથી, તેથી વ્યાપાર પત્રકારત્વમાં આવું કરવું થોડું અઘરૂં છે, અને આજે, ખાસ કરીને પેઈડ ન્યૂઝ અને તમામ પ્રકારના સ્પોન્સરશિપ ડીલ્સના સમયમાં આવું કરવું મુશ્કેલ છે. પરંતુ મને લાગે છે કે આજે પણ સંશોધનાત્મક પત્રકારત્વ કરનારા લોકો છે.

# જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ તેમજ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા કેન્સર માટેનો નિદાન કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.ર

કેન્સર શબ્દ સાંભળતા જ આખું કુટુંબ ચિંતામાં આવી જાય છે. આ ચિંતા દૂર કરવા માટે સેવાભાવિ સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા તેમજ સ્થાનકવાસી જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે કેન્સરના દર્દી ઓ, હાર્ટના દર્દીઓ, મગજ અને કરોડરજ્જુના દર્દીઓ તેમજ કિડની અને પથરી જેવા દર્દીઓ માટે મહેતા નીદાન કેન્દ્રમાં નિદાન કેમ્પ રાખવામાં આવેલ હતો. જેમાં ૧૬૦ દર્દીઓએ પોતાની તબિયત બતાવેલીહતી. અને તમામ દર્દીઓને ડોકટરની સલાહ મુજબ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા નિઃશુલ્ક દવાની પણ વ્યવસ્થા કરેલ હતી.

આવા જટિલ દર્દીઓના કેમ્પમાં ડોકટરોએ પેશન્ટ માટે જરૂરી પૂરતો સમય આપી સારવાર નિદાન કરેલ જેમાં કેન્સર દર્દીઓને ડોકટર સ્મિત દેસાઈ, ડો. હર્ષ ભટ્ટ, ડો. રમેશ વારા, ડો.હેમલ વારા તેમજ તેમની સમગ્ર ટીમ હોસ્પિટલ અમદાવાદ દ્વારા નિદાન કરી દવા આપવામાં આવી હતી. જયારે ડો.બીરજુ નિમ્બાર્ક, ડો.કેયુર પીપલીયા તેમજ ડો.પ્રતીક કોરડીયા તેમજ ડો.નિસર્ગકોઠારી જેવા નિષ્ણાંત ડોક્ટર દ્વારા જુદા જુદા દર્દીઓને નિદાન કરી જરૂરિયાત મુજબ દવાની વ્યવસ્થા કરવામાં

### ૧૬૦ જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો

આવેલા હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો.એમ.આઈ.વાજા, અરૂણભાઈ કોઠારી, કિશોરભાઈ ચોટલીયા, ભરતભાઈ નંદાણીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ હિતેશભાઈ સંઘવી, લલીતભાઈ દોશી, અલ્પેશભાઈ પરમાર, કમલેશભાઈ પંડ્યા, મહેન્દ્રભાઈ ઉદાણી ચેરમેન, હિરેનભાઈ માવાણી, શાંતાબેન બેસ, ધર્મેન્દ્રભાઈ મોદી, વિમલભાઈ શાહ, અરવિંદભાઈ મારડિયા, અશોકભાઈ ટોલિયા, પ્રવીણભાઈ જોશી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

## ૧ મે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ટીંબાવાડી આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર, પ્રસુતા મહિલાઓની સેવાઓનો પ્રારંભ કરાયો

### સિનિયર સીટીઝનનોને ઘર બેઠા આરોગ્ય સવલત મળી રહે તે માટે મોબાઈલ એપ્લિકેશન લોન્ચિંગનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.ર

૧ મે ગુજરાત સ્થાપના દિન નિમિતે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં તા.૧/૫/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ટીંબાવાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૨૪×૭ ઈન્ડોર વોર્ડ પ્રાથમિક તબીબી સારવાર તથા પ્રસૂતા સેવાઓ તથા સિનિયર સીટીઝનો માટે ઘર બેઠા આરોગ્ય સવલત મળી રહે તે માટે મોબાઈલ એપ્લિકેશનનો શુભારંભ માન.મેયરશ્રી ગીતાબેન મોહનભાઈ પરમાર, કમિશ્નર રાજેશ.એમ.તન્ના, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, શાશક પક્ષના દંડક અરવિંદભાઈ ભલાણી, નાયબ કમિશ્નર જયેશ પી.વાજા, આરોગ્ય સમિતિ ચેરમેન પલ્લવીબેન ઠાકર, કોર્પોરેટર ઈલાબેન બાલસ, શારદાબેન પુરોહિત, મેડીકલ ઓફિસર ડો.શૈલેશભાઈ ચુડાસમા, પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવે, સેક્રેટરી કલ્પેશભાઈ ટોલિયા, સી.પી.સી. વિશનભાઈ કાથડ, વ્યવસાયવેરા અધિકારી રાજુભાઈ મહેતા, રેવન્યુ ટેક્ષ સુપ્રી મનોજભાઈ રૂપાપરા, વોર્ડ પ્રભારી ત્રીપાલસિંહ રાયઝાદાની ઉસ્થિતિમાં કરવામાં આવેલ છે.

શહેરમાં આવેલ ટીંબાવાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૨૪×૭ દર્દીઓને આરોગ્ય તપાસણી કરવામાં આવે છે તેમજ દર્દીઓને તપાસ બાદ વધુ સારવાર માટે દાખલ કરવાની જરૂર જણાય ત્યારે ૩૦ ઓક્સિજન બેડની વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે.જેમાં સ્ત્રી અને પુરૂષો માટે અલગ અલગ બેડની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. પ્રાથમિક તબીબી સારવાર ઉપરાંત પ્રસૂતા મહિલાઓ માટે નોર્મલ ડિલિવરી સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. સિનિયર સિટીઝનોને ઘર બેઠા આરોગ્યલક્ષી પ્રાથમિક સારવાર મળી રહે તે માટે મોબાઈલ એપ્લીકેશન લોન્ચિંગ કરવામાં આવેલ છે. આ તમામ સેવાઓનો લાભ શહેરીજનોને મળી રહેશે તેમજ આ કેન્દ્ર ખાતે રાઉન્ડ ધ કલોક મેડિકલ સ્ટાફ,નર્સિંગ સ્ટાફ વગેરે ફાળવવામાં આવેલ છે.

## વિસાવદરનાં લિમધ્રા ગામનાં યુવા આગેવાનની પ્રેરણાદાયી પહેલ

# ગુજરાત વિકાસ સમિતિ વિધવા માતાઓની ૫૧ દીકરીઓને દત્તક લઈ શિક્ષણ ખર્ચ ઉપાડશે

### ૭ મે સુધી દીકરીઓની નોંધણી થશે : ધો.૧ થી ૧૨ સુધીનો શૈક્ષણિક ખર્ચ અપાશે

(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ તા. ૨

ગુજરાતભરમાં અસંખ્ય વિધવા માતા પોતાની બાળકીઓને બરાબર ભણાવી શકતી નથી. ત્યારે એવા પરિવારમાં વ્યાપેલા આ અંધકારમાં શિક્ષણની એક જ્યોત જો પ્રગટે તો.. ચોતરફ વિદ્યાનું અજવાળુ પથરાય જાય.. અને આ જ્યોત પ્રગટાવવા ગુજરાત વિકાસ સમિતિએ બીડું ઝડપ્યુ છે , પ્રારંભમાં વિધવા માતાની ૫૧ દીકરીઓને દત્તક લઈને એનો સંપૂર્ણ શિક્ષણ ખર્ચ ઉપાડશે અને એ રીતે સરકારના બેટી ભણાવો અભિયાનને પણ ધબકતું રાખશે. આ નવી શૈક્ષિણક ક્રાંતિના બીજ રોપવા માટે આગળ આવનાર ગુજરાત વિકાસ સમિતિના સંયોજક અને દીકરી વિદ્યા દાન સમારોહના આયોજક લીમધ્રા ગામના વતની પ્રવિણભાઈ ભાલાળાનાં જણાવ્યા અનુસાર દીકરી વગરનું ઘર વાંઝીયુ કહેવાય અને કન્યાદાન વગરનું આંગણું કુવારૂ કહેવાય. દીકરી હોવાથી માતા પિતા પૂર્ણતાને પામે છે. પણ શક્તિના અવતાર ગણાતી દીકરીને શિક્ષણ ન મળે તો સમગ્ર દેશ અને સમાજનું દુર્ભાગ્ય છે. આર્થિક કારણોસર અભ્યાસ ન અટકે એ હેતુથી દીકરી વિદ્યા દાન યોજના બનાવી છે. જેમાં સુરત શહેરમાં રહેતા આર્થિક રીતે ગરીબ એવી કુલ ૫૧ વિધવા માતાઓની દીકરીઓને દત્તક લઈને એને ધો - ૧ થી ૧૨ સુધી ભણાવવામાં આવશે. જે ભણવવાનાઓ ખર્ચ આ યોજના થકી આપવામાં આવશે. જે વિધવા બહેન જેઠ દિયર વિના ભાડાના ઘરમાં રહેતા હોય, ઘરમાં કાર કે એસી જેવી સગવડ ના હોય એવા જરૂરતમંદને જ આ યોજનામાં સમાવિષ્ટ કરાશે.



વધુમાં પ્રવીણ ભાઈ ઉમેરે છે, ગુજરાત વિકાસ સમિતિ દ્વારા આગામી તા. ૭-૫-૨૦૨૩ રવિવાર ના રોજ યોજાનારા ‘દીકરી’ સમૂહ લગ્ન સમારોહ અંતર્ગત સામાજિક કાર્યોના ભાગરૂપે આ યોજના શરૂ કરવામાં આવી છે. તા. ૨૩ મી મે વિશ્વ પુસ્તક દિવસના શુભ અવસરે મળેલી કાર્યકર્તાઓની મિટિંગમાં આ સંકલ્પ જાહેર કરાયો હતો. પુસ્તક દિવસે જ વિદ્યા દાનનો સંકલ્પ લેવાયો હતો. તા. ૭ મે સુધી દીકરીઓની નોંધણી થશે. અને બાદમાં તરત તા. ૭-૫-૨૦૨૩ ના રોજ સમૂહ લગ્ન અંતર્ગત જીવનના પડકાર સામે અડીખમ ઊભેલી અને સંઘર્ષ કરતી ૫૧ ગંગાસ્વરૂપ બહેનોનું સન્માન કરવામાં આવશે અને તેમની ૫૧ દીકરીઓને અભ્યાસ માટે વિદ્યાદાન અર્પણ કરવામાં આવશે. આ ૫૧ દીકરીઓને ભણાવ્યા બાદ એના ભવિષ્ય વિશે પણ દીકરી વિદ્યા દાન કમિટી ધ્યાન આપશે. આ માટે કમિટીની પણ રચના કરવામાં આવી હતી. હાલ આ શૈક્ષિણક અભિયાન માટે સુરતની શાળાઓ ઉત્સાહભેર સમર્થન કરી રહી છે. ઘણી બધી શાળાઓએ ૫-૫દીકરીઓને દત્તક લેવા તૈયારી બતાવી છે. તો દાતાઓ પણ દીકરીઓને દત્તક લેવા ઉત્સાહિત છે. હાલમાં પ્રવીણ ભાલાળા, મહેશભાઈ કથીરીયા, સુરેશભાઈ ઘેવરીયા અને સુરેશભાઈ બોરડ આ તમામે ૫ - ૫ દીકરીઓ દત્તક લીધી છે. અન્ય સેવાભાવી લોકો, શાળા સંસ્થા પણ આ યોજનામાં જોડાઈ શકે છે.

આ યોજના એક વર્ષ પૂરતી સીમિત નહિ રહેતા ગુજરત વિકાસ સમિતિ દ્વારા દર વર્ષે યોજાતા સમૂહ લગ્ન અંતર્ગત દર વર્ષે ૫૧ કે એથી વધુ દીકરીઓને વિદ્યા દાન માટે દત્તક લેવાશે. સુરતમાં કોઈ વિધવા માતાની દીકરી રૂપિયાના અભાવે શિક્ષણથી વંચિત ન રહે એ મનોભાવ સાથે આ યોજના ચાલુ કરાઈ છે. ને ભવિષ્યમાં યોજનાનો વિસ્તાર સુરતના સીમાડા પણ વટાવશે એવું શ્રધ્ધાપૂર્વક પ્રવીણ ભાલાળાએ જણાવ્યું હતું. વધુમાં પ્રવિણભાઈ ભાલાળા એ જણાવ્યું હતું કે આ મહાયજ્ઞમાં દરેક શૈક્ષણિક સંસ્થાઓ ના સંચાલકો પણ યોગદાન આપવા આગળ આવ્યા છે.

# વેરાવળના ઓમનાથ મહાદેવના સાનિધ્યમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.ર

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી માટે જે કાર્યક્રમ શ્રદ્ધા પૂજા અને ઉપવાસ છે તે ‘મન કી બાત’ કાર્યક્રમના ૧૦૦ માં એપિસોડ સાથે નિહાળવા સહિતના ત્રિવિધિ કાર્યક્રમ વેરાવળ તાલુકાના ઉંબા ગામએ આવેલ પ્રાચીન ઓમનાથ મહાદેવના સાનિધ્યમાં આગેવાનોની ઉપસ્થિતમાં યોજાયો હતો. જેમાં ઓમનાથ મહાદેવની પ્રાચીન જગ્યામાં વિકાસ ગાથાનું એક નવું સોપાન સ્નાન ઘાટનું ખાતમૂહુર્ત કરવામાં આવેલ તેમજ પ્રાચીન ધર્મસ્થાનની જગ્યામાં સમૂહ સફાઈ અભિયાન અને સાથે પીએમનો કાર્યક્રમ નિહાળેલ હતો. આ ત્રિવિધ કાર્યક્રમમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા,



પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકકરાર, જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા, તાલુકા પંચાયતના પ્રમુખ સરમણભાઈ સોલંકી, કારોબારી ચેરમેન નારણભાઈ બારડ, મહંત ઓમનાથ મહાદેવ જગ્યા-ઉબા, તાલુકા પંચાયત સદસ્યો તેમજ આજુબાજુના ગામના સરપંચઓ ભારતીય જનતા પાર્ટીના સનિષ્ઠ કાર્યકરો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ઈન્ડિયન ઓઈલનાં ચેરમેને અંજારમાં પ્રથમ હેરિટેજ રિટેલ આઉટલેટને ખુલ્લુ મુક્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.ર

ગુજરાતમાં અંજારની તાજેતરની મુલાકાત દરમિયાન ઈન્ડિયન ઓઈલનાં ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્યએ ઈન્ડિયન ઓઈલનાં પ્રથમ હેરિટેજ રિટલે આઉટલેટ રસિકલાલ અશોકકુમાર એન્ડ કંપનીને ખુલ્લું મુક્યું હતું. આ આઉટલેટમાં થોડા સમય પહેલા રિનોવેશન કરવામાં આવ્યું હતું. આ આઉટલેટ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. આજથી છ દશકા પહેલા ૧૯૬૧માં ઈન્ડિયન ઓઈલનાં આ પ્રથમ રિટેલ આઉટલેટને શરૂ કરવામાં આવ્યું હતું.

સ્વ.ભોગીલાલ ગાંધીએ આ આઉટલેટનું કામ નવા એનર્જી બિઝનેસ માટે શરૂ કરાવ્યું હતું અને ઈન્ડિયન ઓઈલનાં પ્રથમ ડિલર બન્યા હતાં. આ આઉટલેટમાં કંડલાથી ઊંટ લારીઓ મારફતે ૩૬૦૦ લિટર હાઈસ્પિડ ડિઝલની ડિલીવરી તા.૨૪ ઓકટોબર ૧૯૬૧નાં રોજ કરવામાં આવી હતી. પાછળથી વધતી જતી માંગને અનુરૂપ ૧૯૬૪માં મોટર સ્પિરિટનું વેચાણ પણ હાથ ધરવામાં આવ્યું હતું.

આજે આ રિટેલઆઉટલેટ અત્યાધુનિક સુવિધા સાથે બદલાતી જરૂરિયાતો અને ગ્રાહકોની અપેક્ષાઓ સંતોષવા સુસજ્જ છે. આઉટલેટમાં ઈ-૯૫ અને **Xtra Green** જેવા ઈકોફ્રેન્ડલી ફ્યુઅલ્સ અને ફોર વ્હીલર વ્હીકલ્સ તેમજ ગ્રાહકોને ગ્રીન એનર્જી વિકલ્પો આપવા બે **30kw DC** અને **EV CCS** ચાજર્સ પણ ઓફર કરવામાં આવે છે. શ્રી વૈદ્યએ આઉટલેટના સ્થાપકોનાં પ્રદાનને બિરદાવીને અંજારમાં ઈન્ડિયન ઓઈલનાં પ્રથમ રિટેલ આઉટલેટ સ્થાપવાનાં પ્રયત્નોને વખાણ્યા હતાં. તેમણે જણાવ્યું કે ઈન્ડિયન ઓઈલની નેતૃત્વની સ્થિતિ તેનાં ચેનલ પાર્ટનર્સની ચૂસ્ત




પ્રતિબધ્ધતા અને એકાગ્ર પ્રયાસોને આભારી છે કે જેઓ ગ્રાહકો સુધી ઈન્ડિયન ઓઈલની પ્રોડકટસ અને સર્વિસીસને લઈ જાય છે. શ્રી વૈદ્યએ જણાવ્યું કે અંજારનું આ રિમોડલ્ડ આઉટલેટ ઈન્ડિયન ઓઈલની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહીને ઉત્કૃષ્ટ સેવા આપવાની ફિલસૂફીને સુંદર રીતે વ્યકત કરે છે. આઉટલેટ **NH341** ઉપર આવેલું છે, કે જયાંથી ટુરિસ્ટ ડેસ્ટીનેશન્સ જેમ કે સફેદ રણ, સ્મૃતિવન અને કાળો ડુંગર નજીક છે. હાલમાં આ આઉટલેટનું સંચાલન ભોગીલાલ ગાંધીનાં પુત્રો અશોક ગાંધી અને પંકજ ગાંધી દ્વારા કરવામાં આવે છે.

આઉટલેટમાં ગ્રાહકોને કચ્છ પ્રદેશનાં સમૃદ્ધ વારસાનાં દર્શન થાય છે. આગમન સાથે જ ગ્રાહકોનું પરંપરાગત તોરણ ગેટવે દ્વારા અભિવાદન થાય છે. જેમાં લખેલું છે - ઈન્ડિયન ઓઈલનાં પ્રથમ આર.ઓ.માં સ્વાગત છે. બિલ્ડીંગમાં ૭૫ આઝાદી કા અમૃત મહોત્સવનું બ્રાન્ડીંગ જોવા મળે છે. અંદરમાં ભુંગા તરીકે ઓળખાતા કચ્છનાં ત્રણ પરંપરાગત ઘરો છે. જેમાં ગ્રાહકોને પીવાનું પાણી, વોશરૂમ્સ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને કચ્છી આર્ટસ અને હેન્ડીક્રાફટસનું વેચાણ કરતી દુકાન પણ છે. ગ્રાહકો આ રિટેલ આઉટલેટમાં નિશ્ચિત સેલ્ડી પોઈન્ટ ઉપર પોતાનો ફોટો પણ ખેંચી શકે છે.

# જસદણ પોલીસ સ્ટેશન ખાતે અંધશ્રદ્ધ નિવારણ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, તા.ર

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી, ગોંડલ વિભાગીય કચેરી તથા જસદણ પોલીસ સ્ટેશન ઉપક્રમે ગ્રામ્ય આગેવાનો, જાગૃતોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. અંધશ્રદ્ધાની મુક્તિ માટે સહિયારો પ્રયત્ન જરૂરી ઉપરાંત જસદણ–વિંછીયા પંથકમાં લોકોમાં અંધશ્રદ્ધા દૂર થાય તે માટે જાથાના પ્રયાસોની માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૨૧ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.



કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન ગોંડલ વિભાગીય કચેરીના ડીવાય.એસ.પી. કિશોરસિંહ ઝાલાએ કરી જણાવ્યું કે વર્તમાન સમયમાં વિંછીયાની દુઃખદ ઘટના આઘાતજનક છે. પોતાના વિસ્તારમાં અંધશ્રદ્ધા દૂર થાય તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવશે. પોલીસ સ્ટેશન લોકો વચ્ચે કામગીરી કરશે તેમાં જાથાનો સહયોગ લેવામાં આવશે. જાગૃતોની વિશાળ સંખ્યામાં હાજરીથી પ્રભાવિત થયો છું. જસદણ પોલીસ સ્ટેશનને અભિનંદન પાઠવ્યા હતા. જસદણ પો. ઈન્સ. તપન જાનીએ સ્વાગત કરી કાર્યક્રમના હેતુમાં જણાવ્યું કે આ વિસ્તારમાં અંધશ્રદ્ધા વધુ જોવા મળે છે. પોલીસ પણ સમાજનું અંગ છે તેમ ફરજ સમજી સામુહિક મદદ મેળવી અંધશ્રદ્ધા દૂર કરવા કાર્યક્રમો આપવામાં આવશે. અમોને ગાંધીનગર ડી.જી.પી. ઓફિસ, આઈ.જી.પી. કચેરી, પોલીસ અધિક્ષકની સુચનાથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો તેમાં વિજ્ઞાન જાથાએ સંમતિ આપતા આભાર વ્યક્ત કરૂ છું.

